# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-07 -2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

# DHARTI ABA ABHIYAN

**ધરતી આબા જન ભાગીદારી અભિયાન ' હેઠળ રાજ્યમાં 15 દિવસમાં 21 જિલ્લાના એક લાખ 10 હજારથી વધુ આદિજાતિ લાભાર્થીઓને વિવિધ 22 યોજનાલક્ષી સેવાઓનો ઘરઆંગણે લાભ અપાયો છે. આદિજાતિ વિકાસ મંત્રી ડૉ.કુબેર ડિંડોરે જણાવ્યુ કે આ અભિયાનને સફળ બનાવવા રાજ્યભરમાં કુલ 767 કેમ્પ યોજાયા , જેમાં પાંચ લાખથી વધુ આદિજાતિ ભાઈ-બહેનો સહભાગી થયા હતા. શ્રી ડિંડોરે ઉમેર્યું કે આ અભિયાન અંતર્ગત** હેલ્થકાર્ડ, રેશનકાર્ડ, જાતિ પ્રમાણપત્ર, આધાર કાર્ડ , જમીન ચકાસણી કાર્ડ , આવાસ યોજના , સ્વરોજગારીના સાધનો, વીજળીનો લાભ જેવા અનેક યોજનાકીય લાભો આપવામાં આવ્યા.

(બાઇટ: **ડૉ.કુબેર ડિંડોર, આદિજાતિ મંત્રી** )

. . . . . . .

# VANDE SOMNATH

સોમનાથ મહાદેવના સાનિધ્યમાં કલા અને ભક્તિના અનોખા સંગમ સમા વંદે સોમનાથ કલા મહોત્સવનો બીજો તબક્કો સંપન્ન થયો. શ્રી સોમનાથ ટ્રસ્ટ , ગુજરાત પ્રવાસન વિભાગ અને ઇન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે યોજાયેલા આ મહોત્સવના બીજા તબક્કામાં શ્રી સોમનાથ મંદિર ચોપાટી ગ્રાઉન્ડ તેમજ સમુદ્રદર્શન પથ ખાતે ખ્યાતનામ કલાકારો દ્વારા ભરતનાટ્યમ , કથક અને પારંપરિક ગુજરાતી નૃત્યો રજૂ કરાયા હતા. જેનો મોટી સંખ્યામાં દેશભરમાંથી આવનાર ભાવિકોએ અને સ્થાનિકોએ લાભ લીધો હતો.

આ પ્રસંગે શ્રી સોમનાથ ટ્રસ્ટ પરિવાર તરફથી દરેક કલાકરનું સન્માન કરવામાં આવ્યું. શ્રાવણ મહોત્સવ 2025 દરમિયાન આગામી 18 ઓગસ્ટ સુધી , દરેક સોમવારે રાષ્ટ્રભરના ઉચ્ચ સ્તરીય કલાકારો પોતાની કલા દ્વારા મહાદેવને પ્રસન્ન કરવા અનોખી આરાધના કરશે.

. . . .

# BHARUCH ACCIDENT

ભરૂચના ઝઘડિયા તાલુકાના વાઘપુરા ગામ નજીક બસ અને કાર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બે લોકોના મોત થયા. જ્યારે 7 લોકોને ઈજા પહોંચી હતી. અમારા પ્રતિનિધિ વાહીદ મશહદી જણાવે છે કે એસટી બસ અને સામેથી આવતી કાર વચ્ચે આ અકસ્માતની ઘટના બની હતી . ઘટનાની જાણ થતાં પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી મૃતકોના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

. . . . . . . . . .

# SPACE PROGRAMME

ગાંધીનગરમાં અવકાશ કાર્યક્રમો માટે પ્રાદેશિક પરિષદનું આયોજન કરવામાં આવ્યું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ , વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર અને અમદાવાદના ISRO વૈજ્ઞાનિકો હાજર રહ્યા. આ કાર્યક્રમમાં ભારતીય અવકાશ કાર્યક્રમ અને નીતિઓ સામાજિક લાભ માટે ગ્રાઉન્ડ ઓબ્ઝર્વેશન એપ્લિકેશન્સ , ISRO જીઓ-પોર્ટલ, વેદ અને MOSDAC પર પ્રેઝન્ટેશન રજૂ કરાયું. આ બેઠકમાં અવકાશ કાર્યક્રમો માટે અમલીકરણ અને ખામીઓ પર ચર્ચા કરવામાં આવી.

વિવિધ ક્ષેત્રોના વૈજ્ઞાનિકો , નીતિ નિર્માતાઓ , ઉદ્યોગ પ્રતિનિધિઓ અને હિસ્સેદારોને એકસાથે લાવવા માટે અવકાશ કાર્યક્રમો માટે પ્રાદેશિક પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. તેનો ઉદ્દેશ્ય પ્રાદેશિક વિકાસ માટે અવકાશ-આધારિત તકનીકોના અસરકારક ઉપયોગની ચર્ચા અને અન્વેષણ કરવાનો હતો.

. . . . . . . .

# GUJ POSTAL APT

ગુજરાતની તમામ ટપાલ સેવાના કાર્યાલયોમાં એડવાન્સ પોસ્ટલ ટેકનોલોજીના બીજા તબક્કાનો અમલ શરૂ થઇ ગયો છે. ઉત્તર ગુજરાત ક્ષેત્રના પોસ્ટ માસ્ટર જનરલ કૃષ્ણકુમાર યાદવે આ આધુનિક ટેકનોલોજીનો આરંભ કરાવ્યો હતો. આ આધુનિક સેવાના કારણે હવે લોકો સ્પીડ પોસ્ટ , રજીસ્ટર પોસ્ટ , આંતરરાષ્ટ્રીય પોસ્ટ પાર્સલ સેવા જેવી સેવા માટે ક્યુઆર કોડ સ્કેન કરીને યુપીઆઇ આધારિત ડિજીટલ ચૂકવણુ કરી શકશે તેમ શ્રી યાદવે જણાવ્યુ હતું.

(બાઇટ- કૃષ્ણ કુમાર યાદવ , પોસ્ટ માસ્ટર જનરલ)

. . . .

# AHMEDABAD RUSHIKESH

અમદાવાદ જિલ્લાના પ્રભારી અને આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આજે અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા 81 કરોડના ખર્ચે પૂર્વ ઝોના નિકોલ , ઓઢવ, વસ્ત્રાલ વોર્ડ અને રામોલ- હાથીજણ વોર્ડને આવરી લેતી નવી નાખવામાં આવેલી ઈસ્ટર્ન ડ્રેનેજ ટ્રંક લાઈનનું લોકાર્પણ કર્યું. આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માની પણ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે મંત્રી શ્રી પટેલે જણાવ્યું હતું કે , આ ઈસ્ટર્ન ડ્રેનેજ ટ્રંક લાઈન થકી 5 લાખ લોકોને ડ્રેનેજ ઓવરફ્લોની સમસ્યામાંથી મુક્તિ મળી છે.

. . . . . . . .

# MAHESANA- KUPOSHAN MUKT ABHIYAN

આરોગ્ય વિભાગ દ્વારા કુપોષણ મુક્ત અભિયાન હાથ ધરાયુ છે. અતિકુપોષિત બાળકોને ઘરે જઈ વિવિધ પોષક તત્વોથી ભરપૂર ખોરાક અપાશે . ત્યારે આ પાયલોટ પ્રોજેકટ મહેસાણા તાલુકામાં શરૂ કરાયો છે . તાલુકા આરોગ્ય અધિકારી ડોક્ટર સુહાગ શ્રીમાળીએ જણાવ્યું હતું કે તાલુકાના 22 અતિકુપોશીત બાળકોને એક મહિનાની કીટ તેમના ઘરે જઈને આપવામાં આવી છે.

. . . . . . . . .